Extra No. 342

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] SATURDAY, DECEMBER 13, 2025 / AGRAHAYANA 22, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ડિસેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તારીખઃ ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીકેએચ/૧૪૧/૨૦૨૫/એસીડી/કેએઓ/ઈ-ફાઈલ/૨/૨૦૨૩/૪૭૮૪/કે૮.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Assistant Administrative Officer-cum-Accounts Officer, Class II, under the Directorate of Horticulture, Recruitment Rules, 2025

બાગાયત નિયામકની કચેરી હેઠળ મદદનીશ વહીવટી અધિકારી-સહ-હિસાબી અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીકેએચ/૧૪૧/૨૦૨૫/એસીડી/કેએઓ/ઈ-ફાઈલ/૨/૨૦૨૩/૪૭૮૪/કે/૮: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, બાગાયત નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની, સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ વહીવટી અધિકારી-સહ-હિસાબી અધિકારી, વર્ગ ૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, બાગાયત નિયામકની કચેરી હેઠળ, મદદનીશ વહીવટી અધિકારી-સહ-હિસાબી અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. બાગાયત નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની, મદદનીશ વહીવટી અધિકારી-સહ-હિસાબી અધિકારી, વર્ગ ૨ની જગા પરની નિમણૂક જેણે.

(૧) બાગાયત નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કર્યું હોય:

(૨) સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય:

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં હરાવ્યા પ્રમાણે બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર "સારા"-નો આધારચિહ્ન ધરાવતી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ, બઢતી માટે ઉપલબ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને, બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે. તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી તેવી વ્યક્તિને બઢતી આપી શકશે.

૩. બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડૉ. અંકિતા જાડેજા,

સરકારના ઉપસચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.01.03 09:10:18 IST